# ફ્રાંસ, કુવૈત, ટ્યુનેશિયા ત્રાસવાદી હુમલાથી હચમચ્યા : ૫૦ના મોત

## કલાકોના ગાળામાં જ એક સાથે ત્રણ દેશોમાં હુમલા : ટ્યુનિશિયામાં બે હોટલોને ટાર્ગેટ બનાવી હુમલો કરાયો જેમાં ૨૭ લોકોના મોત થયા : કુવૈતમાં મસ્જિદમાં જ આત્મઘાતી હુમલામાં મોટી ખુવારી થઇ

ટુનિસ,તા. ૨૬

ફ્રાંસ, કુવૈત અને ટ્યુનિશિયામાં એક સાથે ત્રાસવાદી હુમલાના કારણે હુમલાની જવાબદારીને લઈને તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે પરંતુ કુવૈતમાં કરાયેલા હુમલાની છે. બે કલાકના ગાળાની અંદર જ ત્રણ દેશોમાં ત્રાસવાદી હુમલા થયા હતા. ફ્રાંસની એક ફેક્ટરીમાં કરવામાં



આજે હચમચી ઉઠ્યા હતા. આ ત્રણેય હુમલામાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. આતંકવાદી જવાબદારી આતંકવાદી સંગઠન આઈએસ દ્વારા લેવામાં આવી છે. જુદા જુદા હુમલાઓના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો આવેલા હુમલા બાદ જ કુવૈતની એક સિયા મસ્જિદમાં જુમ્માની નમાઝ અદા કરવામાં આવ્યા બાદ આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં મોટી ખુવારી થઈ હતી. આ હુમલામાં ઘણા લોકો ઘાયલ પણ થયા છે. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ત્યારબાદ જ ટ્યુનિશિયામાં પણ હુમલો કરવામાં આવ્યો હતો. બે હોટલ પર કરવામાં આવેલા હુમલામાં ૨૭થી વધુ લોકોના મોત થઈ ગયા હતા. આ હુમલાને ખતરનાક બંદૂકધારીઓએ અંજામ આપ્યો હતો જેમાં બંદૂકધારીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. કુવૈતમાં અલસવાબેરમાં સ્થિત અલઈમામ અલશાદીક નામની સિયા મસ્જિદમાં હુમલો કરવામાં આવ્યો હતો તે વખતે નમાઝ અદા કરવામાં આવી હતી. રમઝાન મહિનામાં શુક્રવાર હોવાના કારણે મસ્જિદમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત હતા. સ્થાનિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ હુમલામાં પણ ભારે ખુવારી થઈ છે. આતંકવાદી સંગઠનમાં આઈએસનું નામ ચાલી રહ્યું છે. કારણ કે ઘટનાસ્થળે આઈએસના ધ્વજ પણ મળી આવ્યા છે. ટ્યુનિશિયામાં બે હોટલને ટાર્ગેટ બનાવીને હુમલો કરાયો હતો. આ હુમલામાં ૨૭થી વધુ લોકોના મોત થયા છે જેમાં ઘણા મહેમાનો પણ સામેલ છે. લોકપ્રિય ટ્યુરિસ્ટ ડેસ્ટીનેશન એવા સોસે ખાતે આવેલી ઈમ્પેરિયલ મરહબા હોટલમાં હુમલો કરાયો હતો.

અંધાધૂંધ ગોળીબાર એક શખ્સ દ્વારા કરાયો હતો. જો કે, સુરક્ષા દળોએ મોડેથી આ શખ્સને ઠાર મારી દેવામાં આવ્યો હતો. અન્ય હુમલાખોરો હતા કે કેમ તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી. આ હોટલ પાટનગર ટ્યુનિસથી ૧૪૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ફ્રાંસમાં પણ આતંકવાદી હુમલો કરાયો હતો જેમાં હુમલાખોરે એકનું માથુ કાપી નાંખ્યું હતું. દેશના પૂર્વીય ભાગમાં ગેસ ફેક્ટરીમાં આ બનાવ બન્યો હતો. પોલીસે શખ્સની ધરપકડ કરી લીધી છે જે ફેક્ટરીમાં ઘુસીને બ્લાસ્ટ કરવામાં સફળ રહ્યો હતો.

સાઉદી અરેબિયામાં આઈએસ સંગઠન સક્રિય છે જે પોતાને નજબપ્રાંતના લોકો કહે છે. આ સંગઠને કહ્યું છે કે, અબુ સુલેમાન શખ્સે મસ્જિદ ઉપર હુમલો કર્યો છે. આમા દાવો કરાયો છે કે, સુન્ની મુસ્લિમોની અંદર શિયા શિક્ષણ આપવામાં આવી રહ્યું હતું. આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થયા છે અને ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હાલના સપ્તાહોમાં સાઉદી અરેબિયામાં કેટલાક હુમલાઓ થયા છે.

ફ્રાંસના દક્ષિણ પૂર્વમાં સેન્ટ ક્વેટિનો ફૈલેવે સ્થિત એક ફેક્ટરીમાં કેટલાક લોકોએ હુમલો કરીને એક વ્યક્તિની હત્યા કરી દીધી હતી. કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. ફેક્ટરીમાં પહોંચ્યા હતા ત્યારબાદ બ્લાસ્ટ થયો હતો. સ્થાનિક અખબારના જણાવ્યા મુજબ જે વ્યક્તિની હત્યા થઈ છે તેનું માથુ આઈએસના ધ્વજની સાથે ફેક્ટરીની



ફેક્ટરીમાં આતંકવાદી સંગઠન આઈએસના ધ્વજ પણ મળી આવ્યા છે. આ મામલામાં ફ્રાંસના પ્રમુખે નિવેદન જારી કરીને કહ્યું છે કે, આ હુમલો એક ત્રાસવાદી હુમલો હતો. કેટલાક લોકો વાહનમાં બેસીને વાડની નજીક મળી આવ્યું હતું. હજુ સુધી મરનારાઓની સંખ્યા અંગે માહિતી મળી શકી નથી પરંતુ એકની ધરપકડ કરી લેવાઈ છે. જે ફેક્ટરી ઉપર હુમલો થયો છે તે ગેસ અને કેમિકલ્સ બનાવે છે.

# લલિત મોદી પ્રકરણ ઘેરું બનતું જાય છે

## પ્રિયંકા-રોબર્ટ વાઢેરાને પણ મળ્યા હોવાનો લલિત મોદીનો ઘટસ્ફોટ

નવી દિલ્હી,તા. ૨૬

આઈપીએલના પૂર્વ ચેરમેન લલિત મોદીને આવરી લેનાર વિવાદ હાલમાં શાંત થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. લલિત મોદીએ આજે એવો ધડાકો કરીને ખળભળાટ મચાવી દીધો હતો. તેઓ ગયા વર્ષે લંડનમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધી અને તેમના જમાઈ રોબર્ટ વાઢેરાને મળ્યા હતા. લલિત મોદીના આ ધડાકાથી વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેની હકાલપટ્ટીની માંગ ઉપર મક્કમ કોંગ્રેસની સ્થિતિ નબળી પડી છે. પ્રવાસ દસ્તાવેજો અને ઈમિગ્રેશનના મામલામાં લલિત મોદીની મદદ કરવાનો આ બંને ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી બાજુ ટિકા ટિપ્પણીના ઘેરામાં આવેલા રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આજે બીજી વખત એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, તેમને સમર્થન આપવા માટે એક પ્રકારની ઝુંબેશ ચાલી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભાજપ ધારાસભ્ય દ્વારા કોઈ સહી ઝુંબેશ ચાલી રહી નથી. તેમના સમર્થનમાં ૧૨૦ ધારાસભ્યો દ્વારા હસ્તાક્ષરને લઈને અહેવાલને રદિયો આપ્યો છે. સીએમઓના પ્રવક્તાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી દર શુક્રવારે તેમના આવાસ ઉપર જનસુનવાઈ નામનો કાર્યક્રમ યોજે છે જેના લીધે તેમના મતવિસ્તારના લોકો સાથે ધારાસભ્યો પણ આવે છે. તેમની ઓફિસે બીજી વખત આવા અહેવાલને રદિયો આપ્યો છે. વસુંધરા આઈપીએલ ટુર્નામેન્ટના આયોજનના સંદર્ભમાં મની લોન્ડરિંગમાં તપાસનો સામનો કરતા આઈપીએલના પૂર્વ કમિશનર લલિત મોદીની તરફેણમાં એફિડેવિટ આપવા બદલ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. લલિત મોદી ૨૦૧૦ બાદથી લંડનને પોતાના આવાસ તરીકે બનાવી ચુક્યા છે. સીએમઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કેટલીક ચેનલો આધાર વગરના અહેવાલ હજુ પણ પ્રકાશિત કરી રહ્યા છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર ઉપર લલિત મોદીએ વધુ એક ધડાકો કરતા હવે કહ્યુ છે કે તેઓ કોંગ્રેસના પરિવારના સભ્યોને પણ મળી ચુક્યા છે. તેમનો દાવો છે કે તેઓ લંડનમાં ગયા વર્ષે પ્રિયંકા વાઢેરા અને રોબર્ટ વાઢેરાને મળ્યા હતા. લલિત મોદીને હથિયાર બનાવી હજુ સુધી ભાજપ સામે લડી રહેલા કોંગ્રેસના સભ્યોને પણ હવે બચાવની સ્થિતીમાં ઉતરી જવાની ફરજ પડી છે. કારણ કે કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા અને તેમની પુત્રી પ્રિયંકા વાઢેરાનુ નામ હવે સપાટીએ આવ્યુ છે. બીજી બાજુ ભાજપને વળતા પ્રહાર કરવા માટે હથિયારો મળી ગયા છે. લલિત મોદીએ માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વીટર પર હવે કહ્યુ છે કે તેઓએ ગુપ્ત રીતે રોબર્ટ વાઢેરા અને પ્રિયંકા વાઢેરા સાથે વાતચીત કરી હતી. લલિત મોદીએ તેમના નિવેદનમાં ડીએલએફના બ્રાન્ડ મેનેજિંગ ડિરેક્ટર ટમ્મી સરનાનુ નામ પણ આપ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લલિત મોદીને મદદ કરવાના મામલે પહેલાથી જ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને રાજસ્થાનના મુખ્યપ્રધાન વસુન્ધરા રાજે વિવાદનો સામનો કરી રહ્યા છે. આ બંન્નેના રાજીનામાને લઈને વિપક્ષ અને કાસ કરીને કોંગ્રેસ ભારે મક્કમ છે. કેન્દ્રમાં મોદી સરકાર પર કોંગ્રેસના નેતાઓ ગુનેગારોનેમદદ કરવાનો આક્ષેપ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં તેમની હાલત કફોડી બનેલી છે. પરંતુ પ્રિયંકા અને રોબર્ટ વાઢેરાના નામ આવતા ભાજપના સભ્યો વળતા પ્રહાર કરવાની સ્થિતીમાં આવી ગયા છે. આ આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર જારી રહે તેવી શક્યતા છે.



### જમ્મુ : આતંકવાદી અડ્ડાને અંતે તોડી પડાયો : રિપોર્ટ

જમ્મુ,તા. ૨૬

જમ્મુ કાશ્મીરના રેસી જિલ્લામાં આતંકવાદી અડ્ડાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મોટી માત્રામાં હથિયારો કબજે કરવામાં આવ્યા છે.

સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, ત્રાસવાદી અડ્ડા અંગે બાતમી મળ્યા બાદ રાષ્ટ્રીય રાયફલના જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને રેસી જિલ્લામાં વન્ય વિસ્તારમાં અડ્ડાને શોધી કાઢવામાં આવ્યો હતો. આ અડ્ડાથી એકે ૪૭ રાયફલ, કારતુસો, અન્ય હથિયારો મળી આવ્યા હતા. આ અડ્ડો મૂળભૂતરીતે એક ગુફા તરીકે છે. આમા આતંકવાદીઓ છુપાઈને સક્રિય હતા તેવી માહિતી મળી છે. જો કે, ત્રાસવાદીઓને પહેલાથી જ માહિતી મળી ગઈ હતી જેથી આ લોકો ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. સુરક્ષા જવાનો દ્વારા વધુ તપાસ કામગીરી હાથ ધરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં હજુ પણ આતંકવાદી ગતિવિધિ ચાલી રહી છે.

### પેરુને ૩-૧થી હાર આપીને બોલિવિયા સેમીફાઈનલમાં

ટેમુકો,તા. ૨૬

વિશ્વની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત ફુટબોલ ચેમ્પિયનશીપમાં સ્થાન ધરાવનાર કોપા અમેરિકા કપની ક્વાર્ટર ફાઈનલ મેચમાં બોલિવિયાએ પેરૂ પર ૩-૧થી જીત મેળવીને સેમીફાઈનલમાં કૂંચ કરી હતી. સેમીફાઈનલમાં તે હવે યજમાન ચીલી સામે ટકરાશે. ચીનીની ટીમે પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં તેના હરિફ પર શાનદાર જીત મેળવી હતી. બોલિવિયાના સ્ટાર ફોરવર્ડ ખેલાડી અને મૂળભૂતરીતે બ્રાઝિલના પાઉલો ગુરેરોએ શાનદાર હેટ્રીક નોંધાવી હતી. ગુરેરોએ ૨૦, ૨૩ અને ૭૪મી મિનિટમાં પોતાની ટીમ તરફથી ગોલ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. ૩૧ વર્ષીય આ સ્ટાર ખેલાડી સમગ્ર મેચમાં છવાયેલો રહ્યો હતો. બોલિવાયા હવે ચીલી સામે ટકરાશે. સેન્ટીયાગોમાં રમાયેલી પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં યજમાન ચીલીએ ઉરુગ્વે પર ૧-૦થી જીત મેળવી સેમીફાઈનલમાં આગેકુચ કરી હતી. આની સાથે જ ચીલીએ પ્રથમ સાઉથ અમેરિકન કપ જીતવાની આશા જગાવી છે.પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં ઉરુગ્વેની ટીમ નવ સભ્યો સાથે રમી હતી. કોપા અમેરિકા કપ ફૂટબોલ ચેમ્પિયશીપ હવે નિર્ણાયા તબક્કામાં પહોંચી ગઈ છે. બ્રાઝિલ, આર્જેન્ટિના ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બીજી બાજુ ચીલી, કોલંબિયા પણ પડકાર ફેંકવા માટે તૈયાર ક્વાર્ટર ફાઈનલ તબ્બો ગોઠવાઈ ચુક્યો છે. કરોડો ફુટબોલ ચાહકો આ મેચોને જોવા માટે ઉત્સુક બની ગયા છે. ચીલીએ હજુ સુધી સારો દેખાવ કર્યો છે. કોપા અમેરિકા કપમાં આજની મેચ સાથે ચીલીએ ૧૧ ગોલ ફટકાર્યા છે. અને તેમની સામે હરીફ ટીમે બે ગોલ કર્યા છે.

બીજી બાજુ ઉરુગ્વેની ટીમ લુઈસ સુવારેજ વગર નબળી દેખાઈ રહી હતી.ક્વાર્ટર ફાઈનલ તબક્કામાં ૨૭મી જૂનના દિવસે છેલ્લી બ્રાઝિલ અને પરાગ્વે વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. બ્રાઝિલ ગ્રુપ બીમાં રનર્સઅપ પરાગ્વે સામે રમશે. બ્રાઝિલ તરફથી મેમાર રમનાર નથી. કારણ કે, તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જેથી તેની ટીમ આ સ્ટાર ખેલાડી વગર મેદાનમાં ઉતરશે.

### હવે કૃષિ ક્ષેત્રમાં સોલાર પાવરનો ઉપયોગ કરાશે

ચંદીગઢ,તા. ૨૬

દેશના અનાજ ઉત્પાદનના મામલામાં સૌથી આગળ રહેલા રાજ્યોમાં સ્થાન ધરાવનાર પંજાબ હવે મોટાપાયે કૃષિ ક્ષેત્રમાં સોલાર પાવર અથવા તો સૌર ઉર્જાનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. પંજાબના એનર્જી પ્રધાન વિક્રમસિંહ મજેઠિયાએ આજે કહ્યું હતું કે, પંજાબ વર્તમાન ૨૨૫ મેગાવોટથી સૌર ઉર્જાના ઉત્પાનને ૨૦૧૭ સુધી ૧૦૦૦ મેગાવોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. એનર્જી ક્ષેત્રમાં મૂડીરોકાણ મેળવવાના મામલામાં અમે ઘણા રાજ્યોથી આગળ છીએ. ખેતરોમાંથી અથવા તો છત ઉપરથી પ્રોજેક્ટ મારફતે ૧૦૦૦ મેગાવોટ સોલાર એનર્જીનું ઉત્પાદન કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલના સંબંધી મજેઠિયાએ કહ્યુંહતુંકે, હાલમાં જ અમે એક એવી સ્કીમ શરૂ કરી છે જેના કારણે ખેડૂતોને પ્રોત્સાહન મળશે અને ખેડૂતો એક મેગાવોટથી ૨.૫ મેગાવોટ સુધીની રેંજમાં સોલાર પાવર પ્લાન્ટ ખેતરોમાં સ્થાપિત કરવા ખેડૂતોને મદદ મળશે. ખેડૂતોને માહિતી પણ આપવામાં આવી રહી છે.

### ભારે ઉથલપાથલ વચ્ચે અંતે ૮૫ પોઈન્ટનો થયેલો ઘટાડો

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ વચ્ચે કારોબારના અંતે ૮૫ પોઈન્ટનો ઘટાડો રહેતા કારોબારીઓ નિરાશ દેખાયા હતા. સેંસેક્સ ૨૭૮૧૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૭ પોઈન્ટ ઘટીને ૮૩૮૧ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ બંધ થતાં પહેલા ૨૭૯૨૧ અને ૨૭૬૭૫ની રેંજમાં રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧૦૬૮૬ અને ૧૧૧૨૪ની ફ્લેટ સ્થિતિ રહી હતી. આરબીઆઈના ગવર્નર દ્વારા આપવામાં આવેલી ચેતવણીની અસર પણ જોવા મળી હતી. મૂડીરોકાણકારો ચીની શેરબજારમાં રહેલી મંદીથી પણ ચોંકી ઉઠ્યા હતા. શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૭.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. હોંગકોંગના શેરમાં પણ નબળો કારોબાર રહ્યો હતો. હેંગસેંગમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ગ્રીસ મડાગાંઠની અસર બજારમાં પ્રવર્તી રહી છે. બેંકિંગ, ઓઈલ, મેટલ સેક્ટરમાં સૌથી વધારે નુકસાનની સ્થિતિ રહી હતી. ફાયનાન્સિયલ શેરમાં વેચવાલીનું મોજુ રહ્યું હતું. આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧.૪ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કોટક મહિન્દ્રા, યશ બેંક, એક્સિસ બેંક અને એચડીએફસી બેંકમાં ૦.૭-૨ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં બાવન સપ્તાહની નીચી સપાટી રહી હતી. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૨૭૯૫ શેરમાં આજે કારોબાર થયો હતો જે પૈકી ૧૧૮૫ શેરમાં તેજી અને ૧૪૯૩ શેરમાં મંદી રહી હતી. ગ્રીસમાં પ્રવર્તી રહેલી કટોકટીની કોઈ અસર ગઈકાલે શેરબજાર ઉપર દેખાઈ ન હતી. ગુરૂવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૬૬ પોઈન્ટ ઉછળીને ૨૭૮૯૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૭ પોઈન્ટ ઉછળીને ૮૩૯૮ની સપાટીએ રહ્યો હતો.ગઈકાલે ફરી એકવાર એકવાર તેજી નોંધાતા કારોબારીઓ ખુશ દેખાઈ રહ્યા હતા. જો કે આજે સવારે ફરી મંદી જોવા મળી હતી. ગઈકાલે બીએસઈ બેંકેક્સ અને ઓટો ઈન્ડેક્સમાં એક-એક ટકાનો ઉછાળો રહ્યો હતો. ગુરૂવારના દિવસે એસબીઆઈ, એચડીએફસીમાં મજબૂતી જોવા મળી હતી. આ બંનેમાં એક-બે ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. જો કે, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકમાં ઘટાડો રહ્યો હતો.

**ભારતના ઓટોમોબાઈલની મોટી સિદ્ધી**

### શ્રીલંકાને નિકાસમાં ચાર ગણો વધારો થયો : રિપોર્ટ

નવી દિલ્હી ,તા. ૨૬

ભારતના ઓટો મોબાઇલના ક્ષેત્રે નિકાસના મોરચે ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી લીધી છે. કારણ કે જુદા જુદા દેશોમાં ઓટોમોબાઇલ દ્વારા કરવામાં આવતી નિકાસમાં વધારો થયો છે. શ્રીલંકાને ઓટોમોબાઇલ દ્વારા કરવામાં આવેલી નિકાસમાં વધારો થયો છે. શ્રીલંકાને નિકાસ ૫.૬૫ કરોડ ડોલરની આસપાસની રહી છે. જે અગાઉ કરતા વધારે છે. ગયા વર્ષે આ જ મહિનાના ગાળામાં શ્રીલંકામાં ઓટોમોબાઇલ દ્વારા નિકાસનો આંકડો ૧.૪૬ કરોડ ડોલરની આસપાસ રહ્યો હતો. એટલે કે તેમાં હવે ચાર ગણો વધારો થયો છે. એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા માહિતી આપતા કહેવામાં આવ્યું છે કે આ અવધિ દરમિયાન શ્રીલંકા ઉપરાંત ઇટાલી, સ્પેન જેવા દેશોને પણ જંગી નિકાસ કરવામાં આવી છે. જ્યારે મેક્સિકો, બ્રિટન, અલ્જેરિયા અને બાંગ્લાદેશને કરવામાં આવેલી નિકાસમાં ઘટાડો થયો છે. આ સંસ્થાએ કહ્યું છે કે સંયુક્ત અરબ અમિરાતને નિકાસમાં ૮.૫૮ ટકાનો વધારો થયો છે અને નિકાસ ૧.૮૬ કરોડ ડોલરની આસપાસની રહી છે. આ ગાળા દરમિયાન ઇટાલીને નિકાસમાં ૩૭.૪૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી ઇટાલીમાં નિકાસનો આંકડો હવે વધીને ૧.૪૮ કરોડ ડોલર અને સ્પેનને નિકાસ ૧.૭૪ કરોડ ડોલરની કરવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ગાળા દરમિયાન મેક્સિકોમાં નિકાસમાં ઘટાડો થયો છે. તેના માટે કેટલાક કારણો રહેલા છે. અહેવાલ મુજબ ભારતમાંથી કુલ ઓટોમોબાઇલ નિકાસ ગયા વર્ષની સરખામણીમાં એંકદરે ઘટી છે. ગયા વર્ષની આ અવધિમાં નિકાસનો આંકડો ૫૨.૫ કરોડ ડોલરની આસપાસનો હતો. જે ૨.૭ ટકા ઘટીને હવે ૫૧.૨ કરોડ ડોલરની આસપાસ રહ્યો છે. જ્યારે યાત્રી કારની નિકાસ ૧.૬૬ ટકા સુધી ઘટીને ૫૪૨૦૮૨ યુનિટ રહી છે.

# પુરની સ્થિતિ કાશ્મીરમાં હળવી : તંત્ર હજુ પણ સાબદું

### મોનસુન નિર્ધારિત સમય કરતા પૂર્વે દેશમાં સક્રિય

મુંબઈ, તા. ૨૬

મોનસુને નિર્ધારિત સમય કરતા પહેલા સમગ્ર ભારતને કવર કરી લેતા લોકોને રાહત થઈ છે. દેશના કેટલાક ભાગોમાં પુર જેવી સ્થિતિ પણ સર્જાઈ ગઈ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, સામાન્ય કાર્યક્રમના બે સપ્તાહ પહેલા જ મોનસુને દેશભરને આવરી લેતા રાહત થઈ છે. આ વર્ષે સરેરાશ કરતા ઓછો વરસાદ રહેવાની આગાહી કરવામાં આવી હતી. મોનસુન સક્રિય થવાના પરિણામ સ્વરુપે ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભાગ જે અનાજના ભંડાર તરીકે ગણવામાં આવે છે ત્યાં પણ સ્થિતિમાં સુધારો થયો છે. ડાંગર, સોયાબીન અને કપાસ જેવા પાકને ફાયદો થશે અને વાવણીની પ્રક્રિયા ઝડપી બની ગઈ છે. મોનસુનને લઈને ચિંતા પ્રવર્તી રહી હતી. મોનસુની વરસાદ દેશ માટે ખુબ મહત્વપૂર્ણ છે કારણ કે દેશના બે ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર પૈકી ૧૫ ટકા યોગદાન કૃષિ ક્ષેત્રનું રહે છે. ભારતની ૧.૨ અબજ વસ્તી પૈકીની બે તૃત્યાંશ વસતી હજુ પણ ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ગયા વર્ષે મોનસુની વરસાદ નિર્ધારિત સમય કરતા પહેલા દેશભરમાં પહોંચી ગયો હતો.

જમ્મુ,તા. ૨૬

જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદમાં બ્રેક મુકાયા બાદ હવે સામાન્ય લોકોને રાહત થઈ છે. કારણ કે, ઝેલમ નદીમાં પાણીની સપાટીમાં આંશિકરીતે ઘટાડો થયો છે જેથી પુરનું સંકટ ઘટ્યું છે. જો કે, દક્ષિણ અને મધ્ય ભાગમાં ઝેલમ નદીમાં પાણીની સપાટી હજુ પણ ભયજનસ સ્તરથી ઉપર છે. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સંગમ ખાતે પાણીની સપાટી ૮૩.૮૦ ફૂટ ઉપર હાલમાં દેખાઈ રહી છે જે ગઈકાલે ગુરુવારના દિવસે ૨૭.૫૦ ફૂટ હતી. સંગમ ખાતે ખતરનાક સપાટી ૨૩ ફૂટની છે. પુર નિયંત્રણ વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, શહેરમાં રામમુન્શીબાગ ખાતે પાણીની સપાટી ૨૧.૨૦ ફૂટની છે. શુક્રવારે વહેલી સવારે આ સપાટી ૨૧.૬૫ ફૂટની સપાટી હતી. ઝેલમ અને તેની સહાયક નદીમાં પાણીની સપાટી બુધવારના દિવસે ભારે વરસાદ થયા બાદ વધી હતી જેથી દક્ષિણ અને મધ્ય કાશ્મીરમાં પુર એલર્ટની જાહેરાત કરાઈ હતી. નયીબસ્તી, તકિયા, બહેરામપુરા, શમસીપોરા, હસનપુરામાં પાણી ભરાઈ ગયા છે. દક્ષિણ કાશ્મીરમાં કેટલાક બ્રિજ અને માર્ગો તણાઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી જારી છે. જાનમાલના નુકસાન પર સંકટ તોળાઈ રહ્યું છે. કારણ કે, ઘણા લોકો હજુ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામા આવી ચુક્યા છે. બીજી બાજુ જમ્મુ-શ્રીનનગર રાજમાર્ગ પર મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. રાજમાર્ગ ઉપર સ્થિતિને સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ ટ્રાફિકની સ્થિતિ હળવી કરવામાં સમય લાગી શકે છે. હજુ ઝેલમ નદીમાં પાણીની સપાટી અનેક સ્થળ પર ભયજનક સ્તરથી ઉપર છે. ગયા વર્ષના વિનાશકારી પુરની દહેશત ફરી એકવાર હાલમાં જોવા મળી રહી છે. ગયા વર્ષે પુરના કારણે અભૂતપૂર્વ નુકસાન થયું હતું. ગયા સપ્ટેમ્બર મહિનામાં પણ ભારે તારાજી સર્જનાર ઝેલમનદીમાં પાણીની સપાટી ફરી એકવાર ભયજનક સ્તરથી ઘણી જગ્યાએ ઉપર પહોંચી ગઈ છે જેથી અનંતનાગ અને પુલવામા જિલ્લામાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મોટી સંખ્યામાં લોકોને ભારે વરસાદના કારણે માઠી અસર થઈ છે. જમ્મુ કાશ્મીરમાં હવે પુરની ચેતવણી જારી કરવામા આવી છે. જમ્મુ શ્રીનગર હાઈવેને બંધ કરવાની ફરજ પડી છે. કારણ કે ભારે વરસાદ થઈ રહ્યો છે.

બીજી બાજુ વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાંઆવી રહ્યા છે. અસરગ્રસ્ત લોકોને તમામ સહાયતા આપવામાં આવી રહી છે.